ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૯૬
જી.આઈ.ડી.સી., વડી કચેરી. ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તારીખઃ ૧૦/૦૭/૨૦૧૭

## // પરિપત્ર //

વિષયઃ– **હયાત ઔધોગિક એકમના વિસ્તરણ માટે લગત ઔધોગિક પ્લોટ/શેડની ફાળવણીની નીતિ બાબત.**

**સંદર્ભઃ–** પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૨૧, તાઃ૧૬/૨/૧૬

નિગમની જુદી જુદી ઔધોગિક વસાહતોમાં ઉધોગકારો તરફથી હયાત એકમને લગત (કોમન વોલ) આવેલ ઔધોગિક પ્લોટ/શેડની માંગણી કરવામાં આવતી હોય છે જે અન્વયે છેલ્લે તાઃ૧૬/૨/૧૬ના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૧થી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. હયાત એકમનો પુર્ણ વપરાશ થયા બાદ લગત પ્લોટની માંગણી સંતોષાય તે માટે નીતિની પુનઃ સમીક્ષાની બાબત નિગમની વિચારણા હેઠળ હતી. જે અન્વયે તારીખઃ ૨૦/૬/૨૦૧૭ ના રોજ યોજાયેલ નિગમની ૪૯૬ મી સભા સમક્ષ કાર્યસુચિ રજુ કરવામાં આવેલ હતી જે અન્વયે નિગમ ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૫૪/પ્રિ.વિતરણ/૪૯૬/૨૦૧૭ થી સંદર્ભ હેઠળના પરિપત્રથી અમલમાં આવેલ નીતિ અને અન્ય તમામ નીતિ વિષયક બાબતો યથાવત રાખી નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવા નિર્ણય કરવામાં આવ્યો.

નિગમની વસાહતમાં ઉપલબ્ધ ઔધોગિક પ્લોટ/શેડની ફાળવણી લગત તરીકે નિગમની નીતિ અનુસાર ફાળવવા માટે દરખાસ્ત થાય ત્યારે,

- અરજદાર ધ્વારા લગત પ્લોટની ફાળવણી માટે ઓનલાઈન અરજી કરેલ હોવી જોઈએ તથા તે નિયત સમય મર્યાદામાં ક્ષેત્રિય કચેરી ધ્વારા કન્ફર્મ કરેલી હોવી જોઈએ.
- ફાળવણીદારના હયાત એકમ વાળા પ્લોટમાં ૪૦% મુજબ ગ્રાઉન્ડ કવરેજનું બાંધકામ થયેલ હોવું જોઈએ.
- અરજી કર્યા તારીખથી ઓછામાં ઓછા બે વર્ષ પહેલાંથી અરજી તારીખ સુધી એકમ સતત કાર્યરત ઉત્પાદનમાં રહેલ હોવું જોઈએ તે બાબતના નિગમ ધ્વારા માન્ય એવા વીજ વપરાશ, પાણી વપરાશ વિગેરે પુરાવા મેળવવા જે માટે પ્રાદેશિક મેનેજર તરફથી હયાત એકમ વપરાશી છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
- સંબધિત પ્રાદેશિક મેનેજર અને કાર્યપાલક ઈજનેરશ્રીની હયાત એકમમાં નિગમના રેકર્ડ અનુસારના ફાળવણીદાર ધ્વારા માન્ય ઔધોગિક પ્રવૃતિ કરવામાં આવે છે તે બાબતની સંયુકત મુલાકાત કરી ચેકલીસ્ટ ભરી મોકલવાનું રહેશે.
- અરજદારની અરજી અન્વયે એક કરતાં વધુ ઔદ્યોગિક પ્લોટ/શેડની માંગણી કરવામાં આવેલ હોય તો હયાત એકમના વિસ્તારની મર્યાદામાં વધુમાં વધુ ફકત એકજ પ્લોટ એ પણ એકજ બાજુએ લગત તરીકે ફાળવવાનો રહશે.

- ક્ષેત્રિય કચેરીએથી દરખાસ્ત સમયે આ સાથે સામેલ કરેલ ચેકલીસ્ટ સંપુર્ણ વિગતો ભરી સંબધિત પ્રાદેશિક મેનેજરની સહી સાથે મોકલી આપવાનું રહેશે.
- નિગમને મળતી તમામ દરખાસ્તને ગુણદોષને આધારે નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીના અથવા સંયુકત વહીવટી સંચાલકશ્રીના અથવા કાર્યપાલક નિયામકશ્રીના અધ્યક્ષપણા હેઠળ સ્ક્રીનીંગ કમીટી ધ્વારા નિર્ણય કરવાનો રહેશે.
- લગત તરીકેની દરખાસ્ત મળે ત્યારે જો માંગણી હેઠળનો વિસ્તાર હયાત એકમના વિસ્તાર કરતાં વધુ હોય તો અન્ય નીતિ વિષયક બાબતો યથાવત રાખી જો હયાત એકમના વિસ્તાર બાદ બાકી રહેતા વિસ્તારમાં આયોજન કરી વિતરણ કરવું શકય ન હોય તો તે બાબતે ક્ષેત્રિય કચેરીએથી સ્પષ્ટતા સહિત અભિપ્રાય રજુ કર્યેથી સદર દરખાસ્ત માન. અધ્યક્ષશ્રી અને માન. ઉપા. અને વ.સં.શ્રીની સમીતી ધ્વારા ગુણદોષના આધારે નિર્ણય લેવાનો રહેશે. આવા વધારાના વિસ્તાર માટે ૫૦% વધારાની રકમ પ્રીમિયમ (પ્રવર્તમાન વિતરણ દર લેખે) પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત વસુલ લેવાની રહેશે.
- હાલમાં જે અપૂર્ણ વિકસીત વસાહતમાં ઔદ્યોગિક પ્લોટ/શેડ વિતરણની કાર્યવાહી અમલમાં છે તે વસાહતમાં હવે પછી હરાજીના માધ્યમ સિવાય વિતરણ થતા ફાળવણીના કિસ્સામાં જો ફાળવણીદાર ધ્વારા ઓફર કમ એલોટમેન્ટ પત્રની તમામ શરતો/પેમેન્ટ નિયમ અનુસાર પૂર્તતા કરેલ હોય, પ્લોટનો કબ્જો મેળવ્યો હોય પરંતુ તે જ પ્રોજેકટ શરૂ કરવા માટે ફાળવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડનો વિસ્તાર ઓછો પડે તેમ હોય અને તેના માટે તેઓ ધ્વારા તેઓના પ્લોટને લગત (કોમન વોલ) ઔદ્યોગિક પ્લોટ/શેડની માંગણી તેઓને ઉપલબ્ધ મોરેટોરીયમ પીરીયડની અંદર કરવામાં આવે તો અન્ય તમામ બાબતો યથાવત રાખી વપરાશને લગતી બાબતમાં ગુણદોષને આધિન છૂટછાટ આપી, તેઓના હયાત પ્લોટની સંપૂર્ણ રકમ અને માંગણી હેઠળના પ્લોટ માટે વિતરણ દર + ૫૦% રકમ એક સાથે વસુલ મેળવી લગત ઔદ્યોગિક પ્લોટ/શેડ ફાળવી શકાશે. લગત પ્લોટ ફાળવવાના સમયગાળાને લક્ષમાં લઈ ફાળવણીદારને વણવપરાશી સમયગાળા/ પેનલ્ટી વિગેરે જેવી અન્ય કોઈપણ પ્રકારની રાહત આપવાની રહેશે નહીં.
- સદર નીતિ પરિપત્ર તારીખ બાદ થતા નિર્ણયના કિસ્સાઓમાં લાગુ પાડવાની રહેશે તેમજ અગાઉ નિર્ણય થયેલ કિસ્સાઓને રી–ઓપન કરવાના રહેશે નહી.

સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ–વિતરણ) ને પાઠવવી.

સહી/–
**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાના:–</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ
**મેનેજર (મહેકમ)**
જીઆઈડીસી, ગાંધીનગર

વિષયઃ- હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની અદ્યતન નીતિ અન્વયે.

અરજદારશ્રીનું નામ :-

વસાહતનું નામ :-

હયાત ઔદ્યોગિક પ્લોટ નં. ........................... વિસ્તાર ........................... ચો.મી.

માંગેલ લગત ઔદ્યોગિક પ્લોટ નં. ........................... વિસ્તાર ........................... ચો.મી.

અથવા

માંગેલ લગત જગ્યા ....................................................

<u>**યોગ્યતા અને શરતો :-**</u>

(૧) અરજદારશ્રીને અગાઉ લગત પ્લોટ ફાળવેલ છે કે કેમ?

જો હા, પ્લોટ નં. ............................

વસાહત પૂર્ણ વિકસીત/અપૂર્ણ ............................

લાગુ પડતી વધારાની પ્રીમિયમ રકમ અંગેની ટકાવારી ............................

અથવા

જો ના,

વસાહત પૂર્ણ વિકસીત/અપૂર્ણ ............................

લાગુ પડતી વધારાની પ્રીમિયમ રકમ અંગેની ટકાવારી ............................

(૨) માંગેલ લગત પ્લોટ ઉપર બાંધકામ અથવા વિકાસ કરેલ છે કે કેમ?

જો હા, તો તેની વિગતો ............................

(૩) હયાત ઔદ્યોગિક પ્લોટનો વપરાશ/ઉપયોગ થયેલ છે કે કેમ?

જો હા, તો તેની વિગતો ............................

(૪) સદર લગત પ્લોટ માટે ઓનલાઇન અરજી કરેલ છે કે કેમ? હા / ના (પાના નં. ................)

ભરપાઇ કરવાની થતી ચકાસણી ફી ની ચૂકવણી થયેલ છે કે કેમ? હા / ના (પાના નં. ...........)

(એ) ઉદ્યોગના વિસ્તરણની માંગણી કરનાર હયાત ઉદ્યોગ ધ્વારા નિગમના તમામ પ્રકારના બાકી લ્હેણાં ભરપાઇ થયેલ છે (પાના નં. ............).

(બી) ઉદ્યોગના વિસ્તરણ માટેનો પ્રોજેકટ રિપોર્ટ (પાના નં. .............).

(સી) ઉદ્યોગના વિસ્તરણ માટે જરૂરી મૂડી રોકાણ અંગેના દસ્તાવેજ (પાના નં. .............).

(ડી) વિસ્તરણ માટે માંગણી કરવામાં આવેલ જમીનના ઉપયોગ બાબતના લે-આઉટ તથા મશીનરી અંગેની જરૂરિયાત અને તેના લે-આઉટની ડિઝાઇન (પાના નં. .............).

(૫) આજની તારીખે અન્ય કોઇ અરજદાર ધ્વારા સદર લગત પ્લોટ માંગેલ છે કે કેમ?

જો હા, તો તેની વિગતો .......................

(૬) ક્ષેત્રિય કચેરી તરફથી કાનૂની વિવાદ અંગેનું પ્રમાણપત્ર મળેલ છે કે કેમ?

જો હા, તો તેની વિગતો .......................

(૭) માંગેલ લગત પ્લોટ્નો વિસ્તાર હયાત પ્લોટના વિસ્તાર જેટલો અથવા તેનાથી ઓછો છે કે કેમ?

જો હા, તો તેની વિગતો .......................

અથવા

માંગેલ લગત પ્લોટનો વિસ્તાર હયાત પ્લોટના વિસ્તાર કરતા વધુ છે કે કેમ?

જો હા, તો તેની વિગતો .......................

(૮) જી.ડી.સી.આર. મુજબ બાંધકામના નિયમોનું પાલન અંગેનું બાંહેધરીખત મળેલ છે કે કેમ?

જો હા, તો તેની વિગતો .......................

(૯) નિગમના કોઇપણ પ્રકાર લેણાં બાકી નથી તે અંગેનું પ્રમાણપત્ર (પાના નં. .............).

(૧૦) હરાજી અંગેની વિગતો.

(૧) માંગેલ પ્લોટ હરાજીમાં મૂકેલ છે, હા કે ના

(૨) જો હા, તો હરાજીમાં મૂકલ પ્લોટની મળેલ હરાજી કિંમત .......................

(૧૧) લગત પ્લોટ ઉપર કોઇપણ જાતનું દબાણ હોય તો તે દબાણ સાથે જ ફાળવણીદારે લગત પ્લોટ સ્વીકારવાનો રહેશે તે અંગેનું બાંહેધરીખત મળેલ છે કે કેમ? (પાના નં. .............).

(૧૨) માંગેલ લગત પ્લોટ/જગ્યા અંગેનો તાંત્રિક અભિપ્રાય. હા કે ના (પાના નં. .............).

(૧૩) માંગેલ લગત પ્લોટની માંગણી અગાઉ નામંજૂર કરાયેલ છે કે કેમ? હા/ના

હા, તો કયારે અને કયા અરજદાર તેની વિગત આપવી.

(૧૪) માંગણીવાળા લગત પ્લોટ માટે અન્ય કોઇ માંગણી પેન્ડીંગ છે કે કેમ? હા/ના

હા, તો માંગણી કરનાર અરજદાર તેમજ માંગણીનું ક્ષેત્રફળ તેમજ ફાઇલ મોકલાવેલ હોય તો તેની વિગતો અન્યથા આ અરજદારની ફાઇલ સાથે સ્પષ્ટ અભિપ્રાય સહ મોકલી આપવી.

(૧૫) માંગણીવાળા લગત પ્લોટની માંગણી પ્રવર્તમાન પોલીસી મુજબ સ્વીકારવાપાત્ર છે કે કેમ? હા/ના

ના, તો તેના સ્પષ્ટ કારણો.